सत्य मेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૧૫/૦૬/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૪ |

## <u>રાજકોટના મહે. એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,</u>
## <u>મુકામઃ રાજકોટ.</u>

<u>ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૧૭૭૪/૨૦૨૬.</u>
આંકઃ ૦૯

**<u>અરજદાર/આરોપી.</u>**

**ઈમરાન હબીબભાઈ રાઉમા,**
ઉ.વ. આ.પુખ્ત, વ્યવસાયઃ સરકારી નોકરી,
રહે. ૨૧ ગુજરાત હાઉસીંગ બોર્ડ, કીડવાઈનગર,
શેરી નં.૩, રાજકોટ.
**(હાલઃ સેન્ટ્રલ જેલ–રાજકોટ.)**

**–// વિરૂધ્ધ //–**

**<u>સામાવાળા.</u>**

**(૧) શ્રી સરકાર.**
**(૨) મુળ ફરીયાદી**

**બાબતઃ <u>બી.એન.એસ.એસ. કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.</u>**

---

**અરજદાર તરફે :– વિધ્વાન વકીલશ્રી કે.ડી.મીઠાપરા.**
**સામાવાળા તરફે :– વિધ્વાન એ.પી.પી. શ્રી પી.કે.પટેલ.**

---

<u>ચુ કા દો</u> –

૧. રાજકોટ શહેર ગાંધીગ્રામ–ર (યુનિ.)પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૦૩૨૬૦૫૨૪/૨૦૨૬, બી.એન.એસ.કલમ– ૬૪(૧), ૬૪(ર), ૩ર૯(૩), ૧૧૫(ર), ૭૫, ૭૮, ૩૫૧(૩), ૩૫ર તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૮, ૧ર મુજબના ગુનામાં અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે અને અરજદારે હાલની આ અરજી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવા માટે અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

૨. આ અરજી દાખલ થતા સામાવાળાને નોટીસ કરવામાં આવેલ અને નોટીસ બજતા સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલા છે તથા તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામું રજુ રાખેલ છે.

3. અરજદાર તરફે વિદ્ધાન વકિલશ્રીએ દલીલ કરી જણાવે છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે, કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી. દોઢ વર્ષ પછી ફરીયાદ થયેલ છે. ભોગબનનાર અને અરજદાર બંને પાડોશી છે અને એકબીજાને સારી રીતે ઓળખે છે. ભોગબનનારે ગુનાને ગંભીર કરવા માટે ઉંમર પ વર્ષની દિકરીનો ઉપયોગ કરેલ છે. એફ.આઇ.આર.શંકાના દાયરામાં છે. એફ.આઇ.આર.ના પેરા નં.૧૪ મા ફરીયાદીની સહી નથી. અરજદાર/આરોપીનો ગુનાહીત ઈતીહાસ નથી. અરજદાર/આરોપી ટ્રાફીક શાખામાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. એફ.આઇ.આર.માં પ્રેમ–સંબંધ હતો તેવુ પણ કાઇ જણાવેલ નથી. મોબાઇલ ચેટ રજુ કરેલ છે. જે ચેટ ધ્યાને લેવામા આવે તો પોકસો કે બળાત્કારનો આક્ષેપ નિકળી જાય તેમ છે. વધુમાં ભોગબનનારે અરજદાર/આરોપીના ઘરની સામે મકાન લીધુ છે, જે બાબતનો વેચાણ દસ્તાવેજ રજુ કરેલ છે. ખોટી માંગણી ન

સંતોષતા ખોટી ફરીયાદ કરેલ છે. અરજદાર/આરોપી કયાય નાશી ભાગી જાય તેમ નથી. અરજદાર/આરોપી નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા ખુશી અને તૈયાર છે. જેથી હાલના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

૪. સામાવાળા/સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ ગંભીર પ્રકારનો ગુનો છે. હાલમાં ગુનાની તપાસ ચાલુ છે. વધુમાં તપાસના કાગળોમાં ધર્મ–પરીવર્તન કરવા માટેનો આક્ષેપ છે તે જોતા ગંભીર પ્રકારનો ગુનો છે. જેથી તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું ધ્યાને લઇ અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૫. મુળ ફરીયાદીને નોટીસ કરતા મુળ ફરીયાદી તરફે લેખીત વાંધા વિધ્વાન વકીલશ્રી વાય.બી.ગોસાઇ મારફતે રજુ કરેલ છે, જે વંચાણે લેવામાં આવેલ છે.

૬. બંને પક્ષકારોને સાંભળ્યા, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વંચાણે લીધુ. તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વંચાણે લેતા તેમા જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપીએ ફરીયાદીના માતાના ઘરે ગેરકાયદેસર પ્રવેશ કરી ફરીયાદીને મોઢે ડુબો દઇ મારકુટ કરી તેમજ પેટના ભાગે પાટા મારી ફરીયાદીના કપડા કાઢી ફોટા પાડી તેમજ વિડીયો ઉતારી ફરીયાદીની મરજી વિરૂધ્ધ શરીર–સંબંધ બાંધી તેમજ ફરીયાદીને છરી બતાવી વિડીયો તેમજ ફોટા વાઇરલ કરવાની ધમકી આપી તેમજ વિડીયો ફરીયાદીના સંબંધીમા મોકલવાની ધમકી આપી તેમજ અલગ–અલગ જગ્યાએ ફરીયાદી સાથે તેની મરજી વિરૂધ્ધ શરીર–સંબંધ બાંધી તેમજ બળજબરીથી

પોતાનો ગુપ્ત ભાગ ફરીયાદીના મોઢામાં નાખી અને સૃષ્ટી વિરૂધ્ધનુ કૃત્ય કરી તેમજ અપહરણની ધમકી આપી ફરીયાદીની ભોગબનનાર સગીરવયની દિકરી ઉંમર ૫ વાળી સાથે શરીરે ગુપ્ત ભાગે અડપલા કરી તેમજ ફરીયાદીને ધર્મ પરીવર્તન કરવા બળજબરીથી તાવીજ પહેરાવવાની કોશીષ કરી પોતાની દિકરીને વેંચી નાખવાની ધમકી આપી તેમજ ફરીયાદીને તથા સાહેદને ગાળો આપી તેમજ મિત્રો દ્રવારા પ્રાઈવેટ પાર્ટ ઉપર છરી મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરેલાનો આક્ષેપ છે. હાલમાં ગુનાની તપાસ ચાલુ હોવાનુ તપાસ કરનાર અમલદારના સોગંદનામામાં જણાવેલ છે. આ સંજોગોમાં ગુનાની તપાસ ચાલુ હોય અરજદાર/આરોપીની તરફેણમા વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચીત જણાતુ નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-// **હુકમ** //-

૧. અરજદાર/આરોપીની હાલની અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ, આજ તારીખઃ ૧૫મી, માહેઃ જુન, સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૫/૦૬/૨૦૨૬
સ્થળઃ રાજકોટ.

**(વિજયસિંહ અભેસિંહ રાણા)**
સ્પે.જજ(પોકસો કોર્ટ) અને
એડિશનલ સેશન્સ જજ,
રાજકોટ.
(UIC NO.GJ 01510)

*//VVK//*